

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સત્તા-જાળે હીન રાજકારણ ગૂંથાય છે,*
*જેપી, લોહિયા-નહેરૂની છાપ ભૂંસાય છે.*
*રૂંધાય છે જીવ નિર્વસ્ત્ર નેતાઓને જોઈ -*
*ચૂંટણી ને ઉકરડે ચારિત્ર્યો ચૂંથાય છે...*
*(સીડી-ચારિત્ર્ય હનન કાંડો)*

### હાઈકુ

*લોકશાહીનાં -*
*ઉતારે વસ્ત્રો, દંભી*
*સ્વાર્થી નેતાઓ...*
*(શકુનીઓ)*

*નગ્ન જમાત -*
*સ્નાન શું !? નચોવે શું ?!*
*છે બેશરમ !!*
*(રાજકારણીઓ)*

### ચિંતન

*વિષાદપ્યમૃતં ગ્રાહ્યમ્ ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

વિષમાંથી પણ અમૃત ગ્રહણ કરવું જોઈએ.

ક્યારેક ક્યારેક વિષ પણ દવાનું કામ કરે છે, અને એના ઉપયોગથી જો કોઈનો પ્રાણ બચતો હોય તો એમ કરવું જ જોઈએ. શત્રુ પણ વિષ સમાન છે, પણ એના સદ્‌ગુણો અમૃત સમાન છે. એટલે એના સદ્‌ગુણો ને - વિષમાંથી અમૃતને - અપનાવવું જોઈએ.

આ સમાજમાં સારા-નરસા વ્યક્તિ, પ્રસંગો, બનાવો, અનુભવો થયા જ કરે છે એનાથી ઉશ્કેરાટ કે ગુસ્સો કરવા કરતા એમાંથી બોધ લઈ શીખવું જોઈએ.

હંસની માફક ક્ષીર-નીર અલગ કરતાં આવડવું જોઈએ.

### સુવિચાર

- આપણે પડોશીને પ્રેમ કરવો જોઈએ, તે આપણે જાણીએ છીએ, પણ હકીકતમાં આપણો પહેલો પડોશી આપણે પોતે જ છીએ - **ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્**
- તું કૌરવ, તું પાંડવ મનવા ! તું રાવણ, તું રામ, હૈયાના આ કુરુક્ષેત્ર પર પળપળનો સંગ્રામ - **સુરેશ દલાલ**
- સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ - **શ્રીમદ્ રાજચંદ્ર**
- ભગવાન ચોખ્ખા હાથ તરફ જુએ છે, ભરેલા હાથ તરફ જુએ છે, ભરેલા હાથ તરફ નહીં - **જનકલ્યાણ**
- અ-પ્રમાદી અમૃતપદ પામે, પ્રમાદી મૃત્યુ - **બુદ્ધ**
- દેહનો નાશ તે પ્રાકૃતિક મૃત્યુ, પણ દેહભાવનો નાશ તે મંગલ મૃત્યુ - **ઓશો**
- આજનું ઔષધ : ગાજર ને કચરી ફોલ્લા વાળઆ ઘા પર બાંધવાથી ઠંડક થાય છે, અને તરત રૂઝ આવે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ઊંચી ટેકરી પરના પોતાના ખેતરમાં કામ કરતા એક ચીની ખેડૂતે સુનામીને કારણે કિનારા તરફ ધસી આવતા સમુદ્રનાં ભયંકર મોજાંઓ જોયા. ઘડીભર તો તે દિગ્મૂઢ થઈ ગયો. હેંઠવાસમાં જોયું તો નાના ખેતરો હતા અને એમાં એના ગામના સેંકડો માણસો કામ કરતાં હતા. એ લોકો જો ટેકરી ઉપર પહોંચી જાય તો જ બચી શકે એવી એમની સ્થિતિ હતી. પણ એમને જલદીથી ટેકરી પર બોલાવી કેમ શકાય ?

વધારે કંઈ જ વિચાર્યા વિના, એ ખેડૂતે પોતાના ખેતરના ડાંગરના ઊભા પાકને આગ લગાડી અને બૂમો પાડી તળેટીમાં કામ કરતા લોકોનું ધ્યાન ખેંચવાનું શરૂ કર્યું.

હેંઠવાસમાં કામ કરતા ગ્રામવાસીઓએ આગ જોઈ અને તરત આગ બુઝાવવા ટેકરી તરફ દોડ્યા. ત્યાં પહોંત્યા ત્યારે તેમને સાચી વાતની ખબર પડી. દરમિયાન પેલા ખેડૂતનો બધો જ પાક બળીને ખાસ થઈ ગયો હતો. સેંકડો ગ્રામવાસીઓના જીવ બચી ગયા. અને તેઓ સૌ જીવનભર એ ભલા ખેડૂતના અહેસાસમંદ રહ્યા.

# અભિવ્યક્તિની સ્વતંત્રતાને પણ 'લક્ષ્મણરેખા' અનિવાર્ય

**તંત્રીસ્થાનેથી...**

કરણી સેનાથી લઈ દેશભરના રાજપૂતોને સંજય લીલા ભણસાલી દ્વારા નિર્મિત અને દિગ્દર્શિત ફિલ્મ પર ભારે એતરાજ છે. આ મુદ્દે વિવિધ અગ્રણીઓ અને સંગઠનો ઉપરાંત ઉત્તરપ્રદેશના ક્ષત્રિય - સાધુ મુખ્યમંત્રી સુધ્ધાં આક્રોશ વ્યક્ત કરી ચૂક્યા છે. પદ્માવતીની કથામાં અલાઉદ્દીન ખીલજી નાયક નહીં પણ ખલનાયક તરીકે જ રજૂ થવો જોઈએ. ફિલ્મ જોયા વગર એ વિશે કોઈ અભિપ્રાય આપવો એ ઉતાવળિયું પગલું ગણાશે. પરંતુ સંજય લીલા ભણસાલીને મૂળ કથાનક સાથે ચેડાં કરવાની કુટેવ છે એ તો જગજાહેર બાબત છે. 'સરસ્વતીચંદ્ર' જેવી ક્લાસિક મહાનવલને પોતાની મરજી મુજબ આધુનિક પરિવેશમાં ફેરવવાની ધૃષ્ટતા વિરુદ્ધ સાક્ષરોએ જે ઉગ્રતાપૂર્વક ઊહાપોહ કરવો જોઈતો હતો તે નહોતો કરી શકાયો. એને અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે ચલાવી લેવાઈ અને એ જ ગુજરાતી પ્રજાએ કે જેણે મૂળ કૃતિનું મુખપૃષ્ઠ સુદ્ધાં જોયું નહોતું એણે આ શ્રેણી બહુ રસપૂર્વક નિહાળી ! રાજપૂત સમાજ પદ્માવતી ફિલ્મમાં જે રીતે તથાકથિત સ્વપ્નસંકેતો સહિત અલાઉદ્દીન ખીલજી જેવા વિધર્મી સુલતાન સાથેનાં પ્રણય દશ્યોની વાતો ચગી છે એનો વિરોધ કરે એમાં આખરે તો સાંસ્કૃતિક અસ્મિતાની જ ગરિમા સાચવવાનો ઉદ્દેશ વરતાય પરંતુ જયારે નૃત્યાંગના - નાયિકાને પદ્માવતી સ્વરુપે નાચગાન કરતી દર્શાવાય ત્યારે પણ રાણીની ગરિમા તો લોપાય જ. આથી રાજપૂત સમાજનો આક્રોશ અમુક અંશે વાજબી હોવા છતાં સંજય લીલા ભણસાળીનું ગળું કાપવા માટે માતબર ઈનામની જાહેરાત થાય કે પદ્માવતીનો રોલ કરનારી અભિનેત્રીનું નામ કાપવાની ધમકી અપાય ત્યારે એ જરૂર વધુ પડતું લાગે. આવી ગેરકાયદેસર ધાકધમકીને વશ થઈ સર્જનાત્મક કલાકારોને બાનમાં લેનારી કૂટનીતિ કોઈ પણ સંજોગોમાં પ્રગતિશીલ રાષ્ટ્ર ન ચલાવી લઈ શકે. ઉમા ભારતીએ મહિલા હોવાને નાતે અભિનેત્રીનો પક્ષ લીધો છે, પરંતુ અહીં મહિલા કરતાં 'કલા'ને અગ્રિમતા આપવી જોઈએ. સંજય લીલા ભણસાલીએ સારી ફિલ્મો પણ આપેલી છે, પરંતુ એમણે મૂળ કૃતિઓ સાથે મનમાની કરીને લેખકનું અપમાન પણ કર્યુ છે. 'દેવદાસ'માં પણ એમણે આવી અઘટિત છૂટ લીધી હતી. શરદ બાબુ જીવતા હોત તો તે જરૂર આ મુદ્દે કોર્ટમાં ગયા હોત. કરણી સેના અને રાજપૂત સમાજે પણ કલાના ઓઠા હેઠળ સમાજની ગરિમા સાથે ચેડાં કરવા મથતા ફિલ્મ સર્જક સામે કોર્ટમાં જઈ કાયદાની રૂએ એને બોઠપાઠ ભણાવવો જોઈએ. જો કે કોર્ટ એકવાર એ ફિલ્મ રજૂ થઈ જાય તો પછી જ આવી અરજી ગ્રાહ્ય રાખી શકે. રાજપૂત સમાજની લાગણી અને માગણી અયોગ્ય નથી, બલકે કલાના નામે વધુ પડતી છૂટછાટ લેવા માગતા કલાકારોને નેક લક્ષ્મણરેખાનું ભાન હોવું જોઈએ, એની પ્રતીતિ કરાવતી ઘટના છે.

# ગાંધીના જ્ઞાતિવિહીન સમાજની સામે આજનું સોશિયલ એન્જિનીયરીંગ

**રાજકારણમાં જ્ઞાતિ-પેટા જ્ઞાતિના સમીકરણોની વરવી વાસ્તવિકતા**



**ગાંધી ૧૦૦**
ડૉ. રાજેન્દ્ર જાની

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો સમય ચાલી રહ્યો છે. તમામ પક્ષો પોતપોતાની રીતે વિજયી બનવા એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. શક્યતઃ તમામ પ્રયાસો તમામ પક્ષો કરી રહ્યા છે. છેલ્લા એક દાયકામાં રાજકીય ચર્ચામાં વખતોવખત બોલાતો અને અખબારોમાં છપાતો 'સોશિયલ એન્જિનિયરીંગ' શબ્દ હવે રાજકીય પક્ષોમાં મહત્ત્વનો બન્યો છે. ચૂંટણીની વૈતરણીમાં પડવા માટે જ્ઞાતિ આધારિત સમીકરણને ધ્યાનમાં લેવાનું આજે મહત્ત્વનું બન્યું છે. ઉમેદવારની સામાજિક સેવાભાવના, દાયિત્વ કે જાહેર જીવનની અણીશુદ્ધતાના બદલે તે કંઈ જ્ઞાતિમાંથી આવે છે અને એ જ્ઞાતિના કેટલા મતદારો જે તે મત વિભાગમાં છે એ માપદંડ જ ઉમેદવાર પસંદગી માટે ખાસ ધ્યાનમાં લેવાય છે. આવી આજની જ્ઞાતિ સમીકરણોના આધારે રમાતી 'સત્તાકારણની શતરંજ'માં ગાંધી વિચારનો સંદર્ભ ચકાસવા જેવો છે.

ગાંધીજીએ ભારતની જ્ઞાતિ વ્યવસ્થા વિષે એમ કહ્યું હતું કે 'આજના અર્થમાં નાત-જાતને હું માનતો નથી. હું મનુષ્ય મનુષ્યની વચ્ચેની અસમાનતાઓને પણ માનતો નથી. આપણે સૌ સંપૂર્ણતાએ સમાન છીએ. તે એક માનસિક અવસ્થા છે. આથી સમાનતાનો વિચાર કરવાની ને તે ભારપૂર્વક જાહેર કરવાની જરૂર પડે છે કેમ કે આ ભૌતિક જગતમાં આપણે ભારે અસમાનતા જોઈએ છે.' આ બાહ્ય અસમાનતાના આભાસમાં આપણે સમાનતા સાધવાની છે. કોઈ પણ માણસ બીજાના કરતા પોતાને ઊંચો માને એ ઈશ્વર તેમજ મનુષ્ય સામે પાપ છે. આમ નાતજાત એ જેટલે દરજ્જે દરવાજાનો ભેદ સૂચવે છે તેટલે અંશે તે બુરી વસ્તુ છે.

દાયકાઓ પહેલાં ગાંધીએ તો જ્ઞાતિગત અસમાનતાઓને બુરી વસ્તુ ગણાવીને તેને સમાજજીવનમાંથી હાંકી કાઢવા માટે પ્રયાસ કર્યો હતો પરંતુ આઝાદ ભારતમાં લોકશાહીની સ્થાપના પછી શાસક બનવા માટે જ્ઞાતિના સદસ્યોની સંખ્યાના આધઆરે 'વોટ બેંક'નું રાજકારણ શરૂ થઈ ગયું છે. ગાંધી તો જ્ઞાતિવિહીન સમાજ રચનાની પ્રવૃત્તિઓ કરતા હતા પણ આજે રાજકીય પક્ષોએ જ્ઞાતિવિહીન સમાજ રચનાનો છેદ ઉડાડીને જ્ઞાતિવાદી રાજકારણને સત્તાનાં સૂત્ર હસ્તગત કરવાનું એક આગવું હથિયાર બનાવી દીધું છે. અરે જ્ઞાતિ પ્રથા દૂર કરવાની વાત તો દૂર રહી પણ તેનાથી એક ડગલું આગલ જઈને 'પેટા જ્ઞાતિ'ના સમીકરણોના ચોકઠાં ગોઠવીને ચૂંટણી ચોપાટ જીતવાના પ્રયાસો હાથ ધરાયા છે. ગાંધી જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેની અસમાનતાની ખાઈ પૂરવાના પ્રયાસો કરતા હતા જયારે આજે ગાંધીજી ખાદી પહેરનારા રાજકારણીઓએ તો જ્ઞાતિની અંદરના પેટા સમૂહો (પેટા જ્ઞાતિ) એકબીજાની સામે લડતા રહે એવી રાજનીતિ શરુ કરી છે, આ વરવી વાસ્તવિકતા માત્ર ગુજરાત નહીં સમગ્ર દેશમાં વ્યાપક બની છે. દોષ માત્ર રાજકારણઓનો નથી, સમાજ વિજ્ઞાનીઓ, લેખકો- પત્રકારો અને બુદ્ધિજીવીઓ પણ પોતાના સમાજદર્શનને સમજાવવાના વિવરણમાં જે તે વિસ્તાર, તે વિસ્તાર જ વસ્તી, જ્ઞાતિ વ્યવસ્થાના સમીકરણમાં કઈ જ્ઞાતિ અને તેમાં પણ ચોક્કસ જ્ઞાતિની પેટા જ્ઞાતિમાં મતદારોની સંખ્યા બાહુલ્યની આંકડાઓના આધારે અર્થઘટન કરીને સમજાવે છે. સરવાલે ચૂંટણી જીતવા માટે આંતરિક અને બાહ્ય દષ્ટિએ જ્ઞાતિ આધારિત રાજકારણ શરૂ થાય છે.

ગાંધીએ લખ્યું છે. 'ઐતિહાસિક દષ્ટિએ જોતા જ્ઞાતિ પ્રથાને ભારતીય સમાજની પ્રયોગશાળામાં એક પ્રયોગ તરીકે અથવા સામાજિક ગોઠવણ તરીકે ગણી શકાય. જો આપણે ભારતીય સમાજ વ્યવસ્થાની ઓળખ એવી જ્ઞાતિપ્રથાની સફળતા સાબિત કરી શકીએ તો આપણે લોભ અને લાલસામાંથી પેદા થતી નિર્દય હરિફાઈ અને સામાજિક વિચ્છેદન સામેના શ્રેષ્ઠ ઉપાય તરીકે દુનિયાને ભેટ ધરી શકીએ.'

ગાંધીના જનજનને જોડીને કરાયેલા સ્વરાજ આંદોલન થકી સ્વતંત્રતા મેળવી. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશની ઓળખ પણ આપણા દેશે મેળવી પણ નાત અને જાતના સમીકરણો થકી સાચી લોકશાહી તો જાણે અજાણે પણ દૂર જ હડસેલીને ?

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# લોકસાહિત્યના ધૂળધોયા : જયમલ્લ પરમાર



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

જૂનાગઢ એ તો દત્ત ભગગવાનના બેસણાનું રૂડું ધામ. નરસિંહના પદોની પવિત્ર ગંગોત્રીનું પણ આ જ ઉદ્દભવસ્થાન રહ્યું. ગુજરાતના સુવિખ્યાત નેતા અને લોકસાહિત્યના મર્મજ્ઞ રતુભાઈ અદાણી આજે આપણી વચ્ચે નથી પરંતુ રતુભાઈના લોકસાહિત્યની સેવા વિસરી શકાય તેવી નથી. જૂનાગઢ – રતુભાઈ તથા જયમલ્લભાઈના સંદર્ભમાં આ ઘટના યાદ આવે છે. સાહિત્ય પરિષદનું ૨૫મું વાર્ષિક અધિવેશન ૧૯૬૯માં જૂનાગઢ ખાતે યોજવામાં આવ્યું તેની સ્મૃતિ રતુભાઈએ લખી છે તે ફરી ફરી યાદ કરવી ગમે તેવી છે. પરિષદના અધિવેશન માટે રચાયેલી સ્વાગત સમિતિના રતુભાઈ અધ્યક્ષ હતા. કવિ સુન્દરમના અધ્યક્ષસ્થાને પરિષદ મળી. રતુભાઈની આગેવાની હેઠળ સાહિત્ય તથા ઈતિહાસપ્રેમી જૂનાગઢના નગરજનોએ પરિષદના અધિવેશનની ભાતીગળ વ્યવસ્થા કરી હતી. રતુભાઈ લોકસાહિત્યના પ્રેમી હતા તે જાણીતી વાત છે. આથી પરિષદના કાર્યક્રમના દિવસો દરમિયાન એક દિવસ રાત્રે લોકસાહિત્યકારોનો ડાયરો પરિષદના સભ્યો તેમજ નગરજનો માટે યોજવાનો તેમને વિચાર આવ્યો. રતુભાઈ જાણતા હતા કે જયમલ્લભાઈની મદદથી આ કામ સરળ અને અસરકારક થઈ શકે. તેમણે જયમલ્લભાઈને આ બાબતમાં વિનંતી કરી. જયમલ્લભાઈને કેટલાક તે સમયના કારણોસર લોકસાહિત્યકારોનો ડાયરો સાહિત્ય પરિષદના અધિવેશન દરમિયાન કરવાનો બહુ ઉત્સાહ ન હતો. પરંતુ પરમ મિત્ર રતુભાઈના આગ્રહને અવગણવાનું પણ મુશ્કેલ હતું. આથી તેઓ સંમત થયા. લોકસાહિતયકારોનો ડાયરો છે એ વાત જૂનાગઢમાં ફેલાતા જ નગરજનોની વિશાળ સંખ્યા સભાસ્થળે એકઠી થઈ હતી. મહેમાન સાહિત્યકારો તો ખરાજ. વિશાળ જનસમૂહ પાસે જયમલ્લભાઈએ લોકસાહિત્યની સાર્વત્રિકતા વિષે વાત કરીને ભૂમિકા બાંધી. લોકો તો અનેક નામી અનામી લોકકલા મર્મજ્ઞોને સાંભળવા અને વધાવવા માટે ઉત્સુક હતા. એક પછી એક કલાકારોએ દૂહા – છંદ – લોકવાર્તાથી જાણે કે હવા બાંધી લીધી. રતુભાઈ – જયમલ્લભાઈની ઝીણી નજર આ પ્રચંડ લોકપ્રતિસાદ જોઈ અને અનુભવી શકતી હતી. જે સાહિત્ય પ્રત્યે આ બન્ને મર્મજ્ઞ જનોને આદર તથા શ્રધ્ધા હતા તેના ધવલ શિખરોનું દર્શન આજે નાગરિકો ઉપરાંત કવિ સુંદરમ્ અને કવિ ઉમાશંકર જેવા કવિશ્રેષ્ઠો પણ કરીને પ્રસન્નતાના ભાવ વ્યક્ત કરતા હતા તે આ બન્ને મિત્રો માટે ગૌરવની વાત હતી. છેલ્લે મેરૂભાબાપુની રજૂઆતે તો સમગ્ર કાર્યક્રમ પર સુવર્ણ શિખર ચડાવ્યું. મેરૂભાના પડછંદ શબ્દોનો પડઘો ગિરનારમાં ઝીલાયો. શ્રોતાઓને તો ધન્યતાનો અનુભવ થયો પરંતુ સાહિત્યકારોને પણ લોકસાહિત્યની આ વ્યાપક લોકપ્રિયતા અને સદાકાળ પ્રાસંગિકતાનું નજરોનજર દર્શન થયું. આવા સફળ આયોજન પાછળ જયમલ્લ પરમારની પારખું દષ્ટિ હતી તે સ્વાભાવિક છે. રતુભાઈ અદાણી લખે છે કે લોકસાહિત્યના સંશોધન – વિવેચન – વિકાસ તથા પ્રસારમાં જયમલ્લભાઈનો ફાળો એ સાહિત્યના ઈતિહાસનું એક સોનેરી પૃષ્ઠ છે. ભગતબાપુ પણ ભાવથી જયમલ્લભાઈ માટે લખે છે :

જેમલ બીજી જોડ, નજરૂં નાખ્યે નો મળી,
સવસાચી સરમોડ, છોરૂ તું સોરઠ તણું.

આઝાદીના સંગ્રામમાં પણ ગાંધી ચીંધ્યા માર્ગે લોકોને જોડીને લડત ચલાવવામાં જયમલ્લભાઈનો મોટો ફાળો છે. એ સમયમાં જે લોક ચેતના પ્રગટી હતી તે અસાધારણ હતી. તેમણે તે કાળના જનજીવનની ચેતના વિશે લખતા સુંદર વાત કરી છે કે ગામડાના લોકો પણ બ્રિટીશ સત્તાધિશોથી ભયમુક્ત થઈને ગાંધીના સૈનિકોનું ભાવથી સ્વાગત કરતા. ખાદીના વસ્ત્રો ધારણ કરનારા અને સમાજમાં જાગૃતિ ફેલાવવાનું કામ કરનારા આ લોકસેવકો પ્રત્યે લોકો આદરથી - અહોભાવથી જોતા તથા તેમને 'ગાંધીના માણસો' તરીકે પ્રેમથી પોંખતા હતા. તેમનું સન્માન કરતા હતા. ૧૯૪૨ની 'હિન્દ છોડો' લડતના સમયે અનેક આગેવાનો રાણપુર આવતા અને મહાસંગ્રામનો અગ્નિ સતત પ્રજ્વલિત રહે તેના પ્રયાસો કરતા રહેતા હતા. નેતાઓનો ઉતારો મોટાભાગે 'ફૂલછાબ' માં રહેતો. ''સૌરાષ્ટ્ર'' તથા ત્યારપછી ''ફૂલછાબ'' તે સમયે રાણપુરથી પ્રકાશિત થતા હતા. રાણપુરમાં પત્રકારત્વના જે ધોરણો 'સૌરાષ્ટ્રના સિંહ' કહેવાતા અમૃતલાલ શેઠ તથા ઝવેરચંદ મેઘાણી દ્વારા સ્થાપવામાં આવ્યા તે પત્રકારત્વના ઈતિહાસનું એક ઉજળું સોપાન છે. મેઘાણીભાઈના આગ્રહથી જયમલ્લભાઈ તથા નિરંજન વર્મા સૌરાષ્ટ્રમાં જોડાયા હતા. ત્યારબાદ તેઓએ ''ફૂલછાબ'' માં પણ અનન્ય યોગદાન પૂરું પાડ્યું હતું. અમૃતલાલ શેઠ, મેઘાણીભાઈ તથા જયમલ્લભાઈની ત્રિપુટી આ લડતમાં મહત્વના સ્થાને હતા અને સતત સક્રિય રહેતા હતા. એ દિવસોમાં જનજાગૃત્તિ માટે નીકળતી પ્રભાત ફેરીઓમાં નિરંજન વર્મા (નાનભા બારહઠ) તેમજ જયમલ્લ પરમારના કંઠે ગવાતા ગીતો સાંભળવાનું એક મોટું આકર્ષણ લોકોમાં રહેતું હતું. યુવાન વર્ગમાં પણ તેમની વાત કહેવાની શૈલીને કારણે જયમલ્લભાઈ ખૂબ લોકપ્રિય હતા. એકયાશી વર્ષની અર્થપૂર્ણ રીતે જીવાયેલી જિંદગીમાં તેમણે અનેક બધા કામો હાથ પર લીધા અને તેમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું ! શ્રી પલાણ સાહેબ લખે છે તેમ મેઘાણીભાઈને જયમલ્લ પરમાર - નિરંજન વર્મા જેવા થનગનતા વછેરાની જરૂર હતી અને નિરંજન - જયમલ્લને ધગધગતો સર્જક ખપતો હતો. આ રીતે આ લોકોનું મિલન એ એક સુખદ સુયોગ હતો. નિરંજન વર્માનું મૂળ નામ - નાનભા બારહઠ. જયમલ્લભાઈ, ઈશ્વરભાઈ દવે તથા નિરંજન વર્મા - ત્રણેની મૈત્રી આદર્શ મૈત્રી સંબંધોના અનોખા ઉદાહરણ સ્વરૂપ હતી. ત્રણે મિત્રો શક્તિશાળી હતા તેમજ જીવનભર એકબીજા સાથે મીઠા સંબંધોના તાંતણે બંધાયેલાં રહ્યાં.

ઉર્મિ નવરચનાના અંકો લોકસાહિત્યના સંદર્ભ ઉપરાંત સાહિત્યીક પત્રકારત્વના સંદર્ભે પણ ઘણાં મહત્વના ગણી શકાય તેવા છે. જયમલ્લભાઈએ આજીવન ધૂણી ધખાવીને જે સાહિત્ય સાધના કરી છે તે અહોભાવ જન્માવે તેવી બાબત છે. નવેમ્બરમાં જયમલ્લભાઈની જન્મજયંતિ આવે છે તેથી તેમનું વિશેષ સ્મરણ થાય છે. વસુબેન ભટ્ટ તેમને 'સૌરાષ્ટ્રના સાંસ્કૃતિક એલચી' કહેતા તે ખૂબજ યર્થાથ છે. કુન્દનિકા કાપડિયા જયમલ્લભાઈને '' નિર્ભીક તથા સૌંદર્યાનુરાગી '' કલમના સર્જક ગણાવે છે. કવિ શ્રી નારણદાનજી બાલિયાએ પોતાના સુંદર શબ્દોમાં જયમલ્લભાઈને ભાવાંજલિ આપી છે.

જયમલ્લ પામી જગતમાં
આદરમાન અભૂત
કીર્તિ કરી ગયો કાયમી
શારદ કેરો સપૂત.

# ગાંધીનગર સાહિત્યસભા દ્વારા 'માઈક્રોફિકશન' વાર્તાનો નવતર પ્રયોગ



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા 'માઈક્રોફિકશન' (વાર્તા)નો નવતર પ્રયોગ

ગરવી ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યના દરેક પ્રકારોમાં નવોદિતો ખેડામ કરી શખે તે હેતુસર, ગાંધીનગર સાહિત્યસભા દ્વારા, સાહિત્યના દરેક પ્રકારોમાં અવનવા સાહિત્યિક કાર્યક્રમો યોજવામાં આવે છે તે અંતર્ગત તા. ૧૨-૧૧-૧૭ના રોજ એક પંક્તિ 'આ, હું તો કરીશ જ' ઉપરથી, અગાઉ જાહેર કર્યા મુજબ તૈયાર કરેલ માઈક્રોફિકશન - વાર્તાની રજૂઆતનો અનોખો કાર્યક્રમ ઉપપ્રમુખ સંજય થોરાતની અધ્યક્ષતામાં યોજાઈ ગયો.

આ કાર્યક્રમની શરુઆત, લેખિકા, શ્રીમતી સ્વાતિબેન શુક્લની પુત્રી ચિ. રૂદ્રીદ્વારા હાર્મોનિયમના સથવારે જગતનિયંતા અને શબદની આરાધના દેવીના વંદનાથી કરવામાં આવ્યો. ત્યારબાદ આ માસમાં જે સભ્યોના જન્મદિન આવે છે, તેમના નામોમની યાદી પ્રવક્તા મૂળજીભાઈ પરમાર દ્વારા રજૂ કરી, સર્વેને અભિનંદનસહ શુભવાંચ્છના પાઠવવામાં આવી. ત્યારબાદ ગત બેઠકમાં જાહેર કરાયા મુજબની એક પંક્તિ 'આ, હુ તો કરીશ જ' ઉપરથી, લેખકો ગુલાબચંદ પટેલ, એન.ડી. જોશી, બાબુભાઈ નાયક, રણછોડભાઈ વી. પરમાર, દિલીપ પટેલ, મૂળજીભાઈ પરમાર એ પોતાની માઈક્રોફિકશન (વાર્તા)નું સ્વમુખે પઠન કર્યું હતું. આ નવતર પ્રયોગ અન્વયે રજૂ થયેલ કૃતિઓને સર્વેએ માણી હતી. ત્યારબાદ સંજય થોરાતે તેઓની બે માઈક્રોફિકશનનું પઠન કરી, આ નવા પ્રકાર અંગે માર્ગદર્શન પુરું પાડ્યું હતું અને આગામી દિવસોમાં આ અંગેનો એકાદ વર્કશોપ યોજવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ગુલાબચંદ એન.ડી. જોશી, કવિ મુલાંકી, ભા.દ. કાજરેકર, રમણભાઈ શ્રીમાળી જીતેન્દ્ર કા. વ્યાસ દ્વારા પોતાની અન્ય કૃતિઓ રજૂ કરાયા બાદ મૂળજીભાઈ દ્વારા આભારવિધી કરવામાં આવી.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા (૧) ડૉ. રાજેશ મકવાણા - ઉત્તર ગુજરાતના સંતપંથ સાહિત્ય : વ્યાપ અને વૈવિધ્ય (૨૦૧૪) માટે શ્રેષ્ઠ પુસ્તક માટેનો પ્રથમ પુરસ્કાર (૨) રાઘવજી માધડ - 'પ્રેમ પછી... ટૂંકી વાર્તા' (૨૦૧૪) લોકસાહિત્ય વિભાગ માટે (૩) ડૉ. દિનુ ભદ્રેસરિયા (ભવોભવની ભવાઈ) નવલકથા માટે તૃતીય પુરસ્કાર) (૪) સ્નેહી પરમાર - 'યદા તદા ગઝલ,' (૨૦૧૫ની બલિત કવિતાઓ) શ્રેષ્ઠ પુસ્તક માટેનાં તૃતીય સંયુક્ત પુરસ્કારથી નવાજિત થયેલ છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન.

● ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે જર્મન મહાકવિ ગોએથેના પુસ્તક 'ફાઉસ્ટ'ના અનુદિત અધ્યક્ષતા ડૉ. વિષ્ણુ પંડ્યાના વરદ્ હસ્તે યોજાઈ ગયો. જેમાં અતિથિ વિશેષ તરીકે મોનિકા ગ્રેવલ (ગોએથ ઈન્સ્ટી.) ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે 'ફાઉસ્ટ'ના અનુવાદક ડૉ. ચંદ્રકાન્ત દેસાઈ અમેરિકાથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બહુભાષી દેસાઈએ 'રાઈનર મારિયા રિલ્હે' ની કવિતાઓનો ગુજરાતી તથા હિન્દીમાં અને ઉર્દૂમાં પણ અનુવાદ કર્યો છે. આ ત્રણેય અનુવાદો અકાદમી દ્વારા પ્રસિદ્ધ કરાયેલ છે અને આ અનુવાદ માટે અકાદમીનાં પારિતોષિક પણ પ્રાપ્ત થયેલ છે. ગુજરાતી સાહિત્યના તેજતારક જોશીનું કર્તૃત્વ ફ્રાન્સ ભાષામાં અનુવાદિત થઈ રહ્યું છે, જે અકાદમી પ્રસિદ્ધ કરશે. તે ઉપરાંત 'ઑલ ક્વાયેટ ઑન ધ વેસ્ટર્ન ફ્રન્ટ' જેવી કૃતિનો ગુજરાતીમાં અનુવાદ, દક્ષિણ આફ્રિકામાં વસતાં ગુજરાતી જનસમાજની સંવાદકથા 'રિઓકોનો સૂર્ય' ના નામે ગુજરાતીમાં પ્રસિદ્ધ થઈ રહ્યો છે.

● ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને આર્ટ્સ કૉલેજ, વડાલીના સંયુક્ત ઉપક્રમે તારાબેન મંગળદાસ વ્યાખ્યાન માળા અંતર્ગત ડૉ. પરમ પાઠકે 'સંશોધન લોકવાણી' વિષે વ્યાખ્યાન આપ્યું હતું. આચાર્ય ડૉ. એન. આર. પટેલે સ્વાગત પ્રવચન સાથે મહેમાનોનો પરિચય આપ્યો હતો. પ્રા. આરતીબહેન રાઠોડે આભારદર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન ડૉ. પ્રભુદાસ પટેલે કર્યું હતું.

● ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા (૧) જાણીતા કવિ, સાવરકુંડલા (અમરેલી), નિવાસી ભરત વિઝુંડા તેમના લલિત કાવ્યસંગ્રહ 'લાલ, લીલી, જાંબલી' માટે (૨) 'ટૂંકા દોરી' કવિતા માટે કવિ ડૉ. નીરવ પટેલ અને 'ઉત્તમ ગુજરાતનું સંતપંથ સાહિત્ય' વ્યાપ અને વૈવિધ્ય' માટે, ગુજરાતી સાહિત્ય પરિષદના હરિઓમ આશ્રમ પ્રેરિત અરવિંદ સુવર્ણ ચંદ્રક અને સર્વોદય આશ્રમ સણાલી, કરૂણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશન પ્રેરિત લોકસાહિત્ય વિષયક પારિતોષિક ડૉ. રાજેશ મકવાણા પુરસ્કૃત થયા છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભેચ્છાઓ.

● 'હિન્દી દલિત સાહિત્ય અકાદમી' દ્વારા, અમદાવાદની બી.ડી. કૉલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ અને જાણીતા સાહિત્ય સર્જક ડૉ. ધીરજ વણકરને તેમના પુસ્તક 'દલિત વિમર્શ' (૨૦૧૨) અને પુસ્તક હિન્દી ગુજરાતી દલિત સાહિત્ય કે વિવિધ સંદર્ભ (૨૦૧૪) અન્વયે પુરસ્કૃત કરાયા છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભકામનાઓ.

● તા. ૨૮-૧૦-૨૦૧૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના ઉપક્રમે જયંતિ એમ. દલાલ વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રા. દર્શના ત્રિવેદીએ ચિનુ મોદીની કાવ્યકૃતિ 'સૈયર નો અંગ્રેજી અનુવાદ' એ વિષય પરનું વ્યાખ્યાન આપ્યું હતું.

● લાલભાઈ દ. સંસ્કૃતિ મંદિરમાં, 'સિદ્ધાન્તસાર'ના ગ્રંથકર્તા મણિલાલ દ્વિવેદી વિષેનું વકતવ્ય પ્રા. હરીશ ત્રિવેદી દ્વારા યોજાઈ ગયું.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદના ઉપક્રમે ભદ્રંકર, વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત ડૉ. ભરત મહેતાનું 'સાંપ્રત નવલકથામાં ગુજરાત' વિશેનું વ્યાખ્યાન યોજાઈ ગયું.

- muljibhaidadhi@gmail.com